सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| આંક :– | ૨૫ | | |
| મળ્યા તારીખ :– | ૧૧/૦૮/૨૦૨૩ | | |
| નોંધણી તારીખ :– | ૧૧/૦૮/૨૦૨૩ | | |
| ફેંસલ તારીખ :– | ૨૩/૦૯/૨૦૨૫ | | |
| અવધિ :– | વર્ષ | માસ | દિવસ |
| | ૦૨ | ૦૧ | ૧૨ |

**<u>જુનાગઢનાં મહે. ચોથા એડી. સિનિયર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.જુનાગઢ</u>**

**<u>દિવાની પરચુરણ અરજી નં. :– ૧૩૨/૨૦૨૩</u>**

**લલીત રતનલાલ આદતાણી**
ઉ.વ.આ.–૪૮, ધંધો–વેપાર, ધર્મે–હિન્દુ,

રહે.–નાગકુવાની સામે, ગાંધીગ્રામ– જુનાગઢ. ::::::: અરજદાર

**<u>વિ રૂ દ્ધ</u>**

**શ્રી સરકાર**
નોટીસ થ્રુ (ગર્વનમેન્ટ પ્લીડર)
ડિસ્ટ્રીકટ ઓફ જુનાગઢ. ::::::: સામાવાળા

**અરજી : સિવિલ પ્રોસિઝર કોડ, ઓર્ડર–૩૩, રૂલ્સ–૧ મુજબ દાવો નાદરીમાં ચલાવવા અંગે**

## –: ઠરાવ :–

(૧) હાલની અરજી અરજદાર ધ્વારા તેમનો દાવો નાદારીમાં ચલાવવા માટે દાખલ કરવામાં આવેલ. જે અરજી જુનાગઢની મુખ્ય સિનિયર સિવિલ કોર્ટમાં મેરીટ ઉપર ચાલી જતા નામદાર મુખ્ય સિનિયર સિવિલ જજ સાહેબશ્રી જુનાગઢનાઓ ધ્વારા તા.૨૦/૦૧/૨૦૨૫ ના રોજ હુકમ કરી અરજદારની સદર અરજી મંજુર કરવામાં આવેલ નહી અને અરજદારની હાલની અકિંચન તરીકે દાવો દાખલ કરવાની અરજી દિવાની કાર્યરીતિ અધિનિયમના હુકમ–૩૩ અન્વયેની જોગવાઈ મુજબ પરવાનગી આપવામાં આવેલ નહી. જેથી સદર હુકમથી નારાજ થઈ અરજદાર ધ્વારા નામદાર પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ કોર્ટ, જુનાગઢમાં પરચુરણ સિવિલ અપીલ નં. ૩/૨૦૨૫ દાખલ કરવામાં આવેલ. જે અપીલ ચાલી જતા નામદાર પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ સાહેબશ્રી, જુનાગઢ નાઓ ધ્વારા તા.૨૯/૦૩/૨૦૨૫ ના રોજ હુકમ કરી નામદાર મુખ્ય સિનિયર સિવિલ જજ સાહેબશ્રી નો હુકમ રદ કરી સદર અરજી અરજદારને સાંભળવાની તક આપી પુરાવો લેવાના આદેશ સાથે રીમાન્ડ કરવામાં આવેલ. ત્યારબાદ નામદાર જીલ્લા ન્યાયાલય જુનાગઢના ક.આ.નં.જયુડી/૩૮/૨૦૨૫ તા.૧૭/૦૬/૨૦૨૫ ના હુકમ અન્વયે સદર કેસ અત્રેની કોર્ટમાં ટ્રાન્સફર કરવાનો હુકમ થતા સદર કેસ અત્રેની કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવેલ. જેથી હાલની અરજી અરજદારને પુરાવો રજુ કરવાની તથા સાંભળવાની તક આપી ફરીથી ચલાવવામાં આવેલ છે. અરજદારની અરજીની હકીકતો નીચે મુજબ છે.

(૨) હાલની અરજી અરજદારે આ કામના સામાવાળા વિરૂધ્ધ સિવિલ પ્રોસિઝર કોડ, ઓર્ડર–૩૩, રૂલ્સ–૧ મુજબ દાવો નાદારીમાં ચલાવવા અરજ કરી જણાવેલ છે કે, કોર્ટ ફી સ્ટેમ્પ રૂા.૭૪,૦૦૦/– ભરવાના થાય છે તે ભરવા તેઓની પાસે કોઈ સાધન નથી કે કોઈ રીતે સક્ષમ નથી કે કમાવવા માટે સક્ષમ નથી. અરજદારના પિતા રતનલાલ આદતાણીને કોવિડ–૧૯ મે–૨૦૨૧ દરમ્યાન દવા–ઈન્જેકશનોના

હાઈ ઓવર ડોઝ પેટમાં મારવાના સરકારી દવાખાનાના નવા ડોકટરોએ લખી આપતા તેમના પિતાશ્રી તા.૧૬/૦૫/૨૦૨૧ના રોજ બેભાન થઈ જતા અને શરીર ખોટુ પડી જતા(લકવો) થઈ જતા જુનાગઢ સરકારી દવાખાનામાં લઈ ગયેલા, જયાં સારવાર દરમ્યાન મગજનું સીટી સ્કેન કરતા બ્રેઈન હેમરેજ અને પેરાલીસીસ થયેલાનું રીપોર્ટમાં આવેલુ અને ત્યાં પણ સારવાર દરમ્યાન ભારે ડોઝના હાઈ–પાવર ઈન્જેકશનો, ઈનોપઝા પેરીન અને મીથાઈલ પ્રીડનીસલોન ના ડોઝ આપતા મૃત્યુ તરફ દોરાઈ ગયા અને તેમના પિતાનું અકાળે મૃત્યુ થયેલ છે. તે બાબતે નુકસાની વળતરની અરજી રૂા.૯૯,૧૪,૦૦૦/– મેળવવા કરવાની હોય અને સદરહુ દાવા અરજી રજુ કરવા માટે કોર્ટ ફી સ્ટેમ્પ રૂા.૭૪,૦૦૦/– તેઓ ભરી શકે તેમ ન હોય અને તેમની આર્થિક સ્થિતિ નબળી હોય અને હાલ તેઓ કોઈ કમાણી કરી શકતા ન હોય અને તેમના કુટુંબમાં મુખ્ય કમાનાર પેન્શનરનું મૃત્યુ થઈ ગયેલ હોય, નાદારીમાં અરજી ચલાવવા હાલની પરવાનગી અરજી દાખલ કરી દાદ માંગેલ છે. અરજી કરતા પહેલા છ માસ પહેલા કોઈ સ્થાવર કે જંગમ મિલકત વેચેલ નથી કે દાવામાં અન્ય કોઈ ત્રાહિત વ્યકિતનો લાગ ભાગ રાખેલ નથી. શેડયુલમાં જણાવ્યા સિવાયની કોઈ સ્થાવર કે જંગમ મિલકત નથી. જેથી હિસ્સો મેળવવાના દાવામાં કોર્ટ ફી સ્ટેમ્પ ભરી શકે તેમ ન હોય દાવો નાદારીમાં ચલાવવા પરવાનગી આપવા અરજ કરેલી છે. અરજી સાથે મિલકતનું શેડયુલ અને સોગંદનામું રજુ કરેલ છે.

(૩) અરજદારની અરજીના અનુસંધાને સામાવાળાને નોટિસ કરતા સદરહુ નોટિસની ધોરણસર બજવણી થયેલ. સામાવાળા તરફે મદદનીશ સરકારી વકીલ શ્રી એસ.ડી.જોટાણીયા એપિયરન્સ મેમો રજુ કરી હાજર થઈ, આંક–પ થી અરજદારની અકિંચન વ્યકિત તરીકે દાવો દાખલ કરવા સામે લેખિત જવાબ રજુ કરેલ. જેમાં જણાવેલ છે કે અરજદારની અરજી ખરી કે કાયદેસરની નથી. હાલની અરજી કાયદા મુજબ ચાલવા પાત્ર નથી. હાલની અરજી કરવા અરજદારને કોઈ કારણ ઉત્પન્ન થયાનું કબુલ કરવામાં આવતું નથી. હાલની અરજી સમયમર્યાદામાં હોવાનું પણ કબુલ કરવામાં આવતું નથી. અરજદારે અરજીમાં જે રજુઆત કરી, અકિંચન વ્યકિત તરીકે દાવો દાખલ કરવા માંગણી કરેલ છે તે તમામ રજુઆત ખરી હોવાનું કબુલ કરવામાં આવતુ નથી. હાલની અરજી સાંભળવા નામદાર અદાલતને હકુમત હોવાનું કબુલ કરવામાં આવતુ નથી. અરજદારે રજુ કરેલ શેડયુલની હકિકતો તેમજ અરજદારે

રજુ કરેલ સોગંદનામાની હકીકતો ખરી હોવાનું કબુલ કરવામાં આવતુ નથી. અરજદાર કોર્ટ ફી ભરવા શક્તિમાન ન હોવાની હકીકત કબુલ કરવામાં આવતી નથી. અરજદારની અરજીનો તથા દાદનો સર્વાન્સે ઈન્કાર કરવામાં આવે છે. જે વાંધા જવાબ લક્ષમાં લઈ અરજદારની અરજી ખર્ચ સાથે રદ કરવા જણાવેલ.

(૪) અરજદાર તરફે આંક–૦૭ થી અરજદાર લલીત રતનલાલ આદતાણીએ હાલની અરજી અન્વયે સરતપાસનું સોગંદનામું રજુ કરેલ અને અત્રેની કોર્ટ ધ્વારા વધુ પુરાવો રજુ કરવાની તક આપવામા આવતા અરજદારે આંક–૧૬ ના દ.પુ. લીસ્ટ થી નિશાની–૧૬/૧ થી સીટી સરવે નં. ૩૦૯/અ વાળી મિલ્કતના મિલ્કતકાર્ડની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. ત્યારબાદ અરજદારે આંક–૧૯ થી વધુ પુરાવો રજૂ કરવા માંગતા ન હોવાનું પુરસીસથી જાહેર કરેલ. જ્યારે સામાવાળા તરફે આંક–૨૧ થી સામાવાળા શ્રી સરકાર તરફે આંક–૫ થી રજુ કરેલ જવાબ તેમજ અરજદારના આંક–૭ થી રજુ થયેલ પુરાવાના સોગંદનામા અને તેની સામાવાળા તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ એડોપ્ટ કરવા અંગેની પુરસીસ તેમજ આંક–૨૨ થી સામાવાળા તરફે વધુ પુરાવો રજુ ના કરવા અંગેની કલોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ છે.

(૫) અરજદારને અત્રેની કોર્ટ ધ્વારા દલીલ કરવા માટેની પુરતી તક આપવામાં આવેલ છે. તેમ છતાં અરજદાર તરફે તેઓએ કોઈ દલીલ કરવી નથી તેવુ આંક–૨૩ થી પુરસીસ રજુ કરી જાહેર કરવામાં આવેલ છે. જયારે સામાવાળા તરફે મદદનીશ સરકારી વકીલશ્રી એસ.ડી.જોટાણીયાનાઓએ આંક–૫ થી રજુ કરેલ વાંધા જવાબ અને અરજદારની ઉલટ તપાસને ધ્યાને લઈ અરજદાર કોર્ટ ફી ભરવાને સક્ષમ હોય અને સારી આવક મેળવતા હોય તેમજ અરજદારે રજુ કરેલ મિલ્કત અંગેનું મિલ્કતકાર્ડ ધ્યાને લેતા તેમાં મિલ્કત ધારણકર્તા તરીકે અરજદારના ગુજરનાર પિતાનું નામ ચાલી આવેલ હોય જેથી સદર મિલ્કતમાં અરજદારનો વારસાઈ રૂએ હક અને હિસસો ચાલી આવેલ હોય તેથી અરજદારની હાલની અરજી દિવાની કાર્યરીતિ અધિનિયમ

હુકમ–૩૩ ની જોગવાઈઓમાં સમાતી ન હોય રદ કરવા ભારપૂર્વક રજુઆત કરેલ છે.

(૬) અરજીના ન્યાયિક નિર્ણય માટે મારા પુરોગામી ન્યાયાધીશશ્રી દ્વારા આંક–૬ થી નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત કરવામાં આવેલ છે.

(૧) શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓ અકિંચન તરીકે દાવો દાખલ કરવા માટેના પુરતા કારણો ધરાવે છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં. (૧) : નકારમાં.

મુદ્દા નં. (૨) : આખરી હુકમ મુજબ.

**–:: કારણો ::–**

(૮) હાલની અરજી, અરજદારે રજુ કરેલ શેડયુલ તથા અરજદાર તરફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા, અરજદારની સામાવાળા તરફે કરાયેલી ઉલટતપાસમાં અરજદારે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ કમાનાર એક વ્યકિત છે. તેમનો ઘરનો ખર્ચ રૂ.૩,૦૦૦ થી ૪૦૦૦/– સુધીનો આવે છે. હાલ તેઓ ટ્રાન્સલેશનનું કામ કરે છે અને તેમાંથી આવક મેળવે છે. હાલ તેઓ વસવાટ કરે છે તે તેમના ઘરના મકાન છે. તેમના ઘરના મકાન ગાંધીગ્રામમાં આવેલ છે. જેમાં બે રૂમ, રસોડુ આવેલ છે અને તે કુલ ૮૦ વાર જેટલી જગ્યામાં આવેલ છે. આમ, અરજદારની ઉલટ તપાસનો પુરાવો તેમજ અરજદારની આંક–૧ ની અરજી અને શેડયુલ અને સોગંદનામાની હકીકત ધ્યાને લેતા અરજદારે તેમની અરજીમાં શું કામ ધંધો કરે છે ? તેવી કોઈ હકીકત અરજી કે સોગંદનામામાં જણાવેલ નથી. જ્યારે

અરજદાર તેમની ઉલટ તપાસમાં ઘર ખર્ચ ત્રણ થી ચાર હજાર સુધીનો આવે છે અને હાલ તેઓ ટ્રાન્સલેશનનું કામ કરે છે અને તેમાથી આવક મેળવે છે અને તેઓ વસવાટ કરે છે તે તેમના ઘરના મકાન આવેલ છે જે ગાંધીગ્રામમાં આવેલ છે તેવુ જણાવેલ છે. જેમાં બે રૂમ, રસોડુ આવેલ છે તે કુલ ૮૦ વાર જેટલી જગ્યામાં આવેલ છે અને તેમના પિતા એલ.આઈ.સી.માં નોકરી કરતા અને તા.૧/૬/૨૧ ના રોજ તેમનુ અવસાન થયેલુ અને તેઓ નિવૃત થયા ત્યારે કેટલી રકમ મળેલી, તેવી કોઈ હકીકત અરજદારે તેમની અરજીમાં કે સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ નથી. અરજદાર તેમની અરજી સાથેના શેડયુલમાં સ્થાવર મિલકત કંઈ આવેલ નથી તેવુ જણાવે છે અને ઉલટ તપાસમાં તેમના ઘરના મકાનમાં વસવાટ કરે છે જે ગાંધીગ્રામ વિસ્તારમાં બે રૂમ, રસોડુ અને ૮૦ વારનું હોવાનું જણાવે છે. તેમજ અત્રેની કોર્ટ ધ્વારા નામદાર પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ સાહેરશ્રીના હુકમ મુજબ અરજદારને વધુ પુરાવો રજુ કરવાની તક આપવામાં આવતા અરજદાર ધ્વારા આંક–૧૬ ના દ.પુ. લિસ્ટથી નિશાની–૧૬/૧ થી સીટી સરવે નં. ૩૦૯/અ વાળી મિલ્કતના મિલ્કત કાર્ડની નકલ રજુ કરવામાં આવેલ છે. જે નકલ ધ્યાને લેતા તે ઝેરોક્ષ નકલ હોય અને તે એક ગૌણ પુરાવો હોય અને અરજદારે અસલ કે ખરી નકલ કેમ રજુ કરેલ નથી તેનો કોઈ ખુલાસો કરેલ ન હોય જેથી તેને પુરાવામાં ગ્રાહય રાખી શકાય નહી. તેમ છતાં સદર નિશાની–૧૬/૧ વાળી સરવે નં. ૩૦૯/અ વાળી મિલકતના મિલ્કત કાર્ડની નકલને વંચાણે લેતા તેમાં ધારણકર્તા તરીકે અરજદારના પિતા રતનલાલ સાજનદાસનું નામ ચાલી આવેલ છે. તે નામ અરજદારના પિતાનું છે તે અંગે અરજદારને અત્રેની કોર્ટ ધ્વારા પુછતાં અરજદારે આંક–૨૪ થી તેમના પિતા અને દાદાનું નામ અત્રેની કોર્ટમાં રેકર્ડ ઉપર જાહેર કરેલ છે. જેમાં અરજદારે તેમના પિતાનું નામ રતનલાલ અને દાદાનું નામ સાજનદાસ હોવાનું સ્પષ્ટપણે જણાવેલું છે. આમ સદર મિલ્કત અરજદારના પિતાના નામે ચાલી આવેલ હોવાનું જણાય આવે છે. સદર મિલ્કતનું ક્ષેત્રફળ નિશાની–૧૬/૧ ના મિલ્કત કાર્ડમાં ૧૩૦.૯૯૩૭ ચો.મી દર્શાવવામાં આવેલ છે. તેમજ સદર મિલ્કતના કાર્ડમાં ફેરફારની વિગતમાં સરવે નંબર–૩૦૯ માં વિભાગ માપણી થતા સદર સીટી સરવે નં. ૩૦૯/અ વાળી

મિલ્કતના ધારણ કર્તા રતનલાલ સાજનદાસ હોવાનું દર્શાવવામાં આવેલ છે.

વધુમાં અરજદારના પિતાએ કોઈ વિલ કે અન્ય કોઈ પણ રીતે સદર મિલ્કતમાં અરજદારને હિસ્સો આપેલ ન હોય અથવા તો અરજદારે જાતે તેઓનો હક હિસ્સો જતો કરેલ હોય તેવો કોઈ પુરાવો પુરતી તક આપવા છતા અરજદારે રજુ કરેલ નથી. તેમજ અરજદારે તેમના ગુજરનાર પિતાના કેટલા વારસો છે તે અંગે પણ કોઈ પુરાવો રજુ કરેલ નથી અને અરજદારે દાવા અરજીમાં પણ વાદી તરીકે તેમના એકલાનું નામ દર્શાવેલ છે અને ગુજરનાર રતનલાલ સાજનદાસના અન્ય કોઈ વારસદારને વારસ તરીકે જોડેલ નથી. જેથી સીટી સરવે નં. ૩૦૯/અ વાળી ૧૩૦.૯૯૩૭ ચો.મી વાળી મિલ્કત જે અરજદારના ગુજરનાર પિતા રતનલાલ સાજનદાસના નામે ચાલી આવેલ છે તેમાં વારસાઈ રૂએ અરજદારનો હક અને હિસ્સો હોવાનું માનવાને કારણ રહે છે. આમ અરજદાર જે મિલ્કતમાં વસવાટ કરે છે તે મિલ્કત અરજદારના ગુજરનાર પિતાના નામે ચાલી આવેલ હોય અને તેમાં અરજદારનો વારસદાર તરીકે હક હિસ્સો આવેલ હોવા છતાં અરજદારે તેમની અરજીમાં, શેડયુલમાં કે સોગંદનામામાં તે હકીકત જાહેર કરેલ નથી અને છુપાવેલ છે. ત્યારે એકંદર તે હકીકતો ધ્યાને લેતા તેમજ દિવાની કાર્યરીતી અધિનિયમની અકિંચન અરજી તરીકેના કામે ઈન્કવાયરીના સંદર્ભમાં નીચે મુજબની કાયદાકીય જોગવાઈ અને પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેવા જરૂરી હોય, નીચે મુજબ છે.

(૯) આ કામે અરજદાર દ્વારા હાલની અરજી દિવાની કાર્યરીતી અધિનિયમના હુકમ–૩૩ નિર્ધન વ્યક્તિનો દાવો નિયમ–૧, નિર્ધન વ્યક્તિ તરીકે દાવો માંડી શકાય તેમજ નિયમ–૧(એ) માં નિર્ધન વ્યક્તિના સાધનોની તપાસ નિયમ–૨ અરજીની વિગતો, નિયમ–૩ અરજીમાંની રજુઆતો, નિયમ–૪ અરજદારની જુબાની, નિયમ–૫ અરજી નામંજુર કરવા બાબતે, નિયમ–૬ અરજદારની નિર્ધનતાનો પુરાવો લેવા માટે ઠરાવેલ નોટિસ, નિયમ–૭ સુનાવણી વખતે અનુસરવાની કાર્યરીતી, નિયમ–૧૫ અરજદાર નિર્ધન વ્યકિત તરીકે દાવો માંડવા છુટ આપવા ના પાડવામાં આવે, તો એક પ્રકારની બીજી અરજી કરી શકે નહી, નિયમ–૧૫(એ)

ન્યાયાલય ફી ભરવા માટે મુદત આપવા બાબતે જોગવાઈ કરવામાં આવેલ છે. સદરહુ અરજદારની અરજી, સમર્થનમાં રજુ કરેલ શેડયુલ, મૌખિક તથા દસ્તાવેજી પુરાવો અને સામાવાળાના વાંધા જવાબ તેમજ દલીલોની સંયુકત મુલવણી કરવામાં આવે તો અરજદારે સામાવાળાની ઉલટતપાસમાં તેઓ ટ્રાન્સલેશનનું કામ કરી આવક મેળવતા હોવાનું જણાવેલ છે તેમજ તેઓ જે રહેણાંક મકાનમાં રહે છે તે તેઓના ઘરના મકાન છે જે ગાંધીગ્રામ વિસ્તાર, જુનાગઢમાં આવેલ છે. જેમાં બે રૂમ રસોડુ ૮૦ વાર જગ્યાનું મકાન આવેલ છે તેવી હકીકત ઉલટ તપાસમાં જણાવેલ છે. તેમજ અરજદારે રજુ કરેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા અરજદાર જે મિલ્કતમાં વસવાટ કરે છે તે મિલ્કત અરજદારના ગુજરનાર પિતાના નામે ચાલી આવેલ હોય અને તેમાં અરજદારનો વારસદાર તરીકે હક હિસ્સો આવેલ હોવા છતાં અરજદારે તેમની આંક-૧ ની અરજી, શેડયુલ કે સોગંદનામામાં તે હકીકત જણાવેલ નથી. આમ અરજદારની અરજી, શેડયુલ તથા સોગંદનામાની હકીકતોથી વિરૂધ્ધની હકીકત અરજદારની ઉલટ તપાસ અને અરજદારે રજુ કરેલ દસ્તાવેજી પુરાવામાં આવેલ હોય ત્યારે તે હકીકતો લક્ષમાં લેતા દિવાની કાર્યરીતી અધિનિયમના હુકમ-૩૩, નિયમ-૫ અરજી નામંજુર કરવા બાબતના નિયમ-બી વંચાણે લેતા અરજદાર નિર્ધન વ્યકિત ન હોય તેથી અરજદારની હાલની અરજી અકિંચન તરીકે દાવો દાખલ કરવા પરવાનગી આપવાનું ન્યાયોચિત જણાતું ન હોય જેથી ઉપરોકત ચર્ચાના અંતે **મુદ્દા નં.૧** નો જવાબ **નકારમાં** ઠરાવી **મુદ્દા નં.૨** પરત્વે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## -:: હુ ક મ ::-

(૧) અરજદારની હાલની અકિંચન તરીકે દાવો દાખલ કરવાની અરજી દિવાની કાર્યરીતી અધિનિયમના હુકમ-૩૩ નિયમ-૫(બી) અન્વયેની જોગવાઈ મુજબ નામંજુર કરવામાં આવે છે.

(૨) વધુમાં એવો હુકમ કરવામાં આવે છે કે, અરજદારે અકિંચન અરજી સાથે રજુ કરેલ

દાવા અરજીના કામે કોર્ટ ફી એકટની જોગવાઈ મુજબ ભરવાની થતી કોર્ટ ફીની રકમ દિવાની કાર્યરીતી અધિનિયમના હુકમ–૩૩ નિયમ–૧૫(એ) ની જોગવાઈ મુજબ આ હુકમની તારીખથી દિન–૩૦ માં ભર્યેથી અરજદારનો દાવો રજીસ્ટરે લેવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૩) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજ તારીખ–૨૩મી, માહે–સપ્ટેમ્બર, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

સ્થળ: જુનાગઢ
તા.૨૩/૦૯/૨૦૨૫

**(ફ્રેડી એફ.બારડોલીવાલા)**
ચોથા એડી. સિનિયર સીવીલ જજ,
જુનાગઢ
**Code No. GJ01286**